જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૦૪/૩/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬ ક્વોટર ઈંગ્લીશ દારૂ અને ૨૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૧૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૦/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૧/૧૫</u>**

**કાલુપુર :** તુષારભાઇ ભરતભાઇ મોદી (રહે.છારાવડીની ખડકી સામે, ધના સુથારની પોળ, કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૩/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર બી.બી.સી.માર્કેટ નજીકથી પોતાના પુત્ર ઓમ (ઉ.વ.૧૨) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.જાડેજા ચલાવે છે.

**<u>છેતરપીંડી -</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૨/૧૫</u>**

**ક્રાઈમ બ્રાન્ચઃ** ઠાકરશીભાઈ ધરમશીભાઈ પટેલ (ઉ.વ.૬૪)(રહે.ખુશાલી કોમ્પલેક્ષ, રણછોડનગર, શેરી નં.૪૪ રાજકોટ) એ તા.૩/૩/૧૫ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ડીસેમ્બર ૨૦૧૨ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી ભરત કાનાભાઈ ગઢવી (રહે. કનક્કલા એપાર્ટમેન્ટ, સીમા હોલની સામે, આનંદનગર) તથા તેની સાથેનાં બીજા ૬ મળી કુલ ૭ આરોપીઓએ ભેગામળી ઠાકરશીભાઇને વિશ્વાસમાં લઇ પૂર્વ આયોજીત રીતે કાવતરૂ રચી, તેમની નીચા ભાવે જગતપુર ખાતેની જમીન દર્શાવી તે જમીન ઉંચા ભાવે તેઓના મળતીયા રિતેશ અને મનીષ સાથે સોદો કરાવી, લાલચ આપી રૂપીયા ૧ લાખનું બાનુ અપાવી, ભરોસો આપી ઠાકરશીભાઇની જીવા ગામની જમીન તેઓના મળતીયા નાઓના નામે દસ્તાવેજ કરાવી તે દસ્તાવેજોમાં જોડેલ જમીનના ફોટા ખોટા, બનાવટી ઉભા કરી, ઠાકરશીભાઇ પાસેથી રોકડા રૂપિયા ૮૦ લાખ મેળવી લઇ, ઠાકરશીભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ગોહીલ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૩/૧૫</u>**

**ગાયકવાડ હવેલી :** શરીફખાન અશરફખાન પઠાણ (રહે.પીઠાવાળી ચાલી, નુરી મસ્જીદ પાસે, રોનક બજાર મંડી, રાણીપ) એ તા.૨૮/૨/૧૫ રાતના ૧૦/૦૦ વાગે કુરેશી હોલ, ખાટકીવાસ, નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.સી.વાય.૭૫૦૮ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ શરીફખાન પઠાણે તા.૩/૩/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ડામોર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૪/૧૫</u>**

**ગુજરાત યુનિવર્સીટી :** બચુભાઇ વેલાભાઇ ખાંટ (ઉ.વ.૫૦)(રહે.સ્વસ્તીક સીટી, લાંભા રોડ, પુજા ફાર્મની બાજુમાં, નારોલ) એ તા.૨/૩/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે વાળીનાથ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા લકઝરી બસનાં ચાલકે બસ બેદરકારી અને પુરઝડપે ચલાવી સાયકલને ટક્કર મારતાં બચુભાઇને ગંભીર ઇજાઓ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર બચુભાઇના પુત્ર હિરાલાલ ખાંટે ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.